# ભારતની વિદેશનીતિના ધ્યેયો

**મહિપતભાઈ ગોવિંદીયા**
ડી.કે.વી. કોલેજ-જામનગર

## ૧. પ્રસ્તાવના

ભારત દેશ એક પ્રાચીન સંસ્કુતિ ને વરેલો છે. તેની વિશ્વમાં એક આગવી ઓળખ છે. ભારત ને પોતાનો ૫૦૦૦ વર્ષ જુનો ઈતિહાસ છે. ભારત પ્રાચીન સમયમાં ખૂબ સમૃધ્ધ દેશ હતો. પરંતુ વિદેશી આક્રમણ ખોરોએ બધું જ ધન લૂંટી લીધું ભારત ૧૯૪૭ની ૧૫ મી ઓગષ્ટના રોજ આઝાદ થયો ત્યારથી લઇને અત્યાર સુધીમાં એટલે કે ૬૧ વર્ષમાં ઘણી બધી પ્રગતિ કરી અને વિશ્વમાં એક ઓળખ ઉભી કરી છે. ભારતની પોતાની વિદેશનીતિ માટે પ્રાચીન આદર્શો અને મુલ્યો જવાબદાર છે. આજે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ટકી રહેવા માટે દરેક રાષ્ટ્રીય હિતને જાળવી રાખે છે. ભારતની વિદેશનીતિ માટે ભૌતિક બાબતો જ મહત્વની નથી, પરંતુ તે સિવાય ઘણી બધી બાબતો મહત્વની બની રહે છે. વિદેશનીતિ ને ઘડવા માટે અનેક પરિબળો જવાબદાર છે. જેવા કે ખનીજ સંપતિ, વસ્તી, વિસ્તાર, ભૌગોલિક સ્થાન વગેરે છે. ભારતની વિદેશનીતિનાં પ્રણેતા ભારતનાં પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ હતા. જયારે પણ કોઇ દેશની વિદેશનીતિ ઘડવામાં આવે છે. ત્યારે તે દેશનાં ભૂતકાળને ધ્યાનમાં લેવામાં આવે છે.

## ૨. ભારતની વિદેશનીતિના મુખ્ય ઉદેશો

૧. રાષ્ટ્રીય સુરક્ષા
૨. આર્થિક વિકાસ
૩. વિશ્વ વ્યવસ્થા
૪. સંસ્થાનવાદ, સામ્રાજયવાદ તથા રંગભેદની નીતિ
૫. નિ:શસ્ત્રીકરણને સમર્થન
૬. એશિયામાં મહત્વની ભૂમિકા
૭. યુનોમાં વિશ્વાસ
૮. બધા દેશ સાથે મૈત્રીપૂર્ણ સંબધ
૯. ભારતીય મૂળ તથા પ્રવાસી

### *૨.૧ રાષ્ટ્રીય સુરક્ષા*

કોઇ પણ દેશની સુરક્ષા એ આંતરરાષ્ટ્રીય રાજકારણમાં મહત્વની બાબત છે. આંતરરાષ્ટ્રીય રાજકારણમાં પોતાની અલગ ભૂમિકા ઉભી કરવા માટે તે દેશ પોતાની સુરક્ષા મજબુત કરે છે. કોઇપણ દેશ સુરક્ષાની બાબતમાં ભયભીત હોય ત્યારે તે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં પોતાની ભૂમિકા ઉભી કરી શકતુ નથી. જે દેશ સુરક્ષાની બાબતમાં પછાત હોય છે. તેનો વિકાસ ઓછો જોવા મળે છે. કારણ કે બીજા દેશના આક્રમણનો ભય રહે છે. એટલે દરેક દેશ સુરક્ષાની બાબતમાં મજબૂત બનાવવી ખૂબ જરૂરી બની જાય છે. રાષ્ટ્રીય સુરક્ષાની નીચેની બાબત મહત્વની છે.

### *૨.૧.૧ સ્વતંત્રતાનું રક્ષણ*

વિદેશનીતિની બાબતમાં સ્વતંત્રતાની સલામતી જાળવવી એટલે દેશની સરહદોની સલામતી જે દેશની ચોકકસ સરહદ નથી હોતી તે દેશને હાલાકી ભોગવી પડે છે. આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ટકવા માટે ભારતીય સરહદ કેટલી મજબૂત છે. તે મોટો પ્રશ્ન છે. તેથી ભારતે સુરક્ષિત રહેવા માટે પોતાની આંતરરાષ્ટ્રીય સરહદો મજબૂત રાખવી જોઇએ અને એટલા માટે જ ભારતનાં બજેટમાં સરહદની સુરક્ષા માટે ઘણા રૂપિયા ફાળવવામાં આવે છે. ભારતની સરહદો પાકિસ્તાન, નેપાળ, ચીન અને બાંગ્લાદેશ સાથે જમીન માર્ગે જોડાયેલી છે. જયારે શ્રીલંકા સાથે દરિયાઇ માર્ગે જોડાયેલા છે. આટલી વિશાળ સરહદ ને સુરક્ષિત રાખવી ખૂબ મુશ્કેલ છે.

## (A) આર્થિક વિકાસ

કોઇ પણ દેશ માટે પ્રથમ આર્થિક વિકાસ જ મહત્વનો ગણવામાં આવે છે. આજના સમયમાં આર્થિક બાબતને વધારે મહત્વ આપવામાં આવે છે. દેશ એકબીજા સાથે વેપાર વધારે. કારણ કે આર્થિક વિકાસ

કરવા માટે આર્થિક વિકાસની અસર વિદેશનીતિ ઉપર વ્યાપક જોવા મળે છે. ભારતે બીન જોડાણવાદની નીતિ અપનાવીને વિશ્વમાં શાંતિની સ્થાપના કરી હતી.

### (B) સૈન્ય સુરક્ષા માટે જોડાણ

કોઈપણ દેશ પોતાની સુરક્ષા માટે આ પ્રકારના જોડાણો કરવા પડે છે. ૧૯૪૫ થી ૧૯૯૦નાં સમયગાળા દરમિયાન રશિયાએ જે સૈન્ય જોડાણ કર્યા તેનો પ્રભાવ વિશ્વ રાજકારણમાં જોવા મળે છે. તેથી કહી શકાય કે એક દેશ પોતની સલામતી જાળવવા માટે બીજા દેશ સાથે સૈન્ય જોડાણ કરે છે. ૧૮૭૯ માં જર્મનીએ જે ત્રિ-રાજય મૈત્રી કરાર કર્યો તેનો પ્રભાવ પણ વિશ્વ રાજકારણમાં ઘણો જોવા મળે છે. આવા સૈન્ય જોડાણો કરવાથી પોતાના દેશની સુરક્ષામાં વધારો થાય છે.

### *૨.૨ આર્થિક વિકાસ*

આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ટકવા માટે આર્થિક વિકાસ એ દરેક દેશ માટે જરૂરી છે. અને તેના માટે રાષ્ટ્રીય ક્ષમતા હોવી જોઈએ આર્થિક વિકાસ માટે ત્રણ બાબત મહત્વની છે. (૧) વસ્તી (૨) કુદરતી સંપતિ (૩) ટેકનોલોજી આજના સમયમાં આર્થિક વિકાસ એ ખૂબ જ મહત્વની બાબત ગણવામાં આવે છે. યુરોપના મોટા ભાગના દેશો આર્થિક રીતે સમૃધ્ધ જોવા મળે છે. અમેરિકા ચીન અને ભારત આર્થિક રીતે શકિતશાળી દેશો છે. જયારે ઘણા બધા દેશો આર્થિક રીતે પછાત છે. પણ ધીમે ધીમે તેઓ પોતાનો વિકાસ કરે છે.

### (A) વસ્તી

રાજયમાં વસ્તી કેટલી છે? અને કેવી છે? તેના પર આર્થિક વિકાસનો આધાર રહેલો છે. ચીન વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે. અને આર્થિક રીતે શકિતશાળી છે. વસ્તી વધારે પ્રમાણમાં હોય તો ફાયદો અને ગેરફાયદો બને છે. જો વસ્તી વધારે હોયતો બીજા દેશો તેની પર આક્રમણ કરી શકતા નથી. અને જો વસ્તી પ્રમાણમાં ઓછી હોયતો બીજા દેશોનાં આક્રમણનો ભય સતાવ્યા કરે છે. પણ વર્તમાન સમયમાં વસ્તીની બાબત ગૌણ બની છે. વસ્તીનો પ્રભાવ આર્થિક વિકાસમાં માટે મહત્વનો છે. આજના ૨૧ મી સદીના સમયમાં આર્થિક વિકાસમાં વસ્તીનું સ્થાન ટેકનોલોજીએ લીધું છે. ૨૧ મી સદીમાં રાજયના આર્થિક વિકાસ ને રૂંધનાર પરિબળો જો કોઈ હોયતો તે વસ્તી છે. આજે ભારતને તેની પોતાની વસ્તીની સમસ્યા આર્થિક વિકાસમાં બાધારૂપ બને છે. જયારે ઓછી વસ્તીવાળા રાજયો આર્થિક રીતે સમુધ્ધ જોવા મળે છે. દા.ત. જર્મની, કેનેડા, ઈગ્લેન્ડ, ડેન્માર્ક વગેરે દેશો તેના ઉદાહરણ છે. વસ્તીનું મહત્વ ભુતકાળમાં જોવા મળતું હતું ૨૧ મી સદીના સમયમાં તેનું મહત્વ ઘટતું જાય છે. દેશના નેતા કેવા છે. તેના ઉપર પણ આર્થિક વિકાસનો આધાર રહેલો છે. કારણ કે સારા નેતૃત્વથી દેશને લાભ થાય છે.

### (B) કુદરતી સંપતિ

દેશ પાસે કેટલા પ્રમાણમાં કુદરતી સંપતિ રહેલી છે. તેના દ્રારા તેનો આર્થિક વિકાસનો દર ની ખબર પડે છે. આંતરરાષ્ટ્રીય રાજકારણમાં જે દેશ પાસે વધુ કુદરતી સંપતિ હોય છે. તેનું પ્રભુત્વ વધારે જોવા મળે છે. અને તે દેશની આર્થિક તાકાત વધુ હોય છે. કુદરતી સંપતિ દેશના આર્થિક વિકાસ માટે મહત્વનું પરિબળ છે. આજે દુનિયામાં લગભગ ૨૦૦થી વધારે દેશો આવેલા છે. તેમાંથી ઘણા બધા દેશો પાસે વિશાળ પ્રમાણમાં કુદરતી સંપતિ રહેલી છે. આપણે ભારત દેશની વાત કરીએ તો ઘણી બધી કુદરતી સંપતિ રહેલી છે. પરંતુ તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવતો નથી વિશ્વમાં જાપાન દેશ ખૂબ જ નાનો દેશ છે. પરંતુ તે સૌથી વધારે કુદરતી સંપતિનો ઉપયોગ કરે છે. અને વિશ્વમાં આર્થિક દ્રષ્ટિએ આગળ પડતું સ્થાન ધરાવે છે. કોઈપણ દેશનાં આર્થિક વિકાસ માટે કુદરતી સંપતિ મહત્વનો ભાગ ભજવે છે.

### (C) ટેકનોલોજી

૨૦ મી અને ૨૧ મી સદીને ટેકનોલોજીની સદી તરીકે ઓળખવામાં આવે છે. જે દેશ પાસે જેટલી સારી ટેકનોલોજી હોય તે દેશનો આર્થિક વિકાસમાં અગ્રેસર હોય છે. આજના સમયમાં અમેરિકા પાસે આધુનિક ટેકનોલોજી છે. એટલે તેનો વિકાસ ઝડપી થઈ રહયો છે. ટેકનોલોજીનો સૌથી વધુ ઉપયોગ શસ્ત્રો બનાવવામાં આવે છે. આજે દરેક ક્ષેત્રમાં ટેકનોલોજી ઉપયોગ જોવા મળે છે.

### *૨.૩ વિશ્વ વ્યવસ્થા*

આંતરરાષ્ટ્રીય રાજકારણમાં વર્તમાન સમયમાં પણ ભારતે નિઃશસ્ત્રીકરણ ને સમર્થન આપ્યું છે. દરેક દેશ વિશ્વ વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને યુધ્ધથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે. અને દુનિયાના દેશો સમાનતા અને સ્વતંત્રતાની નીતિ અપનાવી છે. અને આંતરરાષ્ટ્રીય રાજકારણમાં પ્રભાવ પાડવા માટે દરેક દેશ અસરકારક વિદેશનીતિનું ઘડતર કરે છે. ઈ.સ. ૧૯૫૦ થી ૧૯૬૦ ના સમયગાળા દરમિયાન ભારતની વિદેશનીતિના મુખ્ય મુદ્દા નીચે પ્રમાણે હતા. (૧) પરાધીન દેશોની સ્વતંત્રતા (૨) સંસ્થાનવાદ (૩) સામ્રાજયવાદ (૪) રંગભેદની નીતિ (૫) નિઃશસ્ત્રીકરણ (૬) જોડાણ પ્રતિજોડાણ (૭) વિશ્વશાંતિ ૧૯૭૦થી૧૯૮૧ ના સમયગાળા દરમિયાન ભારતની વિદેશનીતિ નો મુખ્ય મુદ્દો વિશ્વ વ્યવસ્થાને જાળવી રાખવાનો હતો પણ ૧૯૮૦ના સમયગાળા દરમિયાન ભારતની વિદેશનીતિ નો મુખ્ય મુદ્દો મહત્ત્વનો રહયો છે. અને આજે વર્તમાન સમયમાં ભારત એક સુપર પાવર દેશ તરીકે દુનિયામાં આગળ વધી રહયો છે. આજે વિશ્વ વ્યવસ્થામાં દરેક દેશ માટે આર્થિક વિકાસ મહત્ત્વની બાબત ગણવામાં આવે છે.

### *૨.૪ સંસ્થાનવાદ સામ્રાજયવાદ તથા રંગભેદની નીતિ*

ભારત એ પ્રાચીન સમયમાં સંસ્થાનવાદ અને સામ્રાજયવાદ ભોગ બની ચુક્યું છે. આપણો ભારત દેશ બિનસાંપ્રદાયિકતા ને વરેલો છે. એટલા માટે જ આપણે રંગભેદની નીતિ અપનાવી છે. એશિયાના ઘણા બધા રાષ્ટ્રો સંસ્થાનવાદનો ભોગ બન્યા હતા. તેમને સ્વતંત્રતા આપવવા માટે અથાગ પ્રયત્નો કરેલા છે. ઈંગ્લેન્ડ ભારતને કાચો માલ લઈ જતા અને તૈયાર થયેલ માલ ભારતના બજારોમાં ઉચા ભાવે વેચતા. ત્યારબાદ ઈસ્ટ ઈન્ડિયા કંપની ભારતનો બધો વહીવટ પોતાના હસ્તક કરી લીધો તેને આપણે સામ્રાજયવાદ તરીકે ઓળખવામાં આવે છે. બ્રિટિશો આ સમયગાળામાં આફ્રિકામાં અને ભારતમાં કાળા લોકો ઉપર અત્યાચાર કરતા હતા. તેથી ભારતે તેની સામે રંગભેદની નીતિ અખત્યાર કરી એમ કહી શકાય કે ભારતે આ ત્રણેય નીતિનો કડવો અનુભવ કર્યો છે. તેથી તેનો પ્રભાવ ભારતની વિદેશનીતિ ઉપર જોવા મળે છે. ભારતે ગમે ત્યારે આ નીતિનો વિરોધમાં સહયોગ આપ્યો છે.

### *૨.૫ નિઃશસ્ત્રીકરણનો સમર્થન*

ઈ.સ. ૧૯૪૫ ની ૨૪ મી ઓકટોબર ના રોજ વિશ્વમાં **UNO** (યુનાઈટેડ નેશનલ ઓર્ગનાઈઝેશન) ની સ્થાપના કરવામાં આવી યુનોની સ્થાપના વિશ્વમાં શાંતિ સ્થાપવા માટે કરવામાં આવી છે. ભારતે વિશ્વ નિઃશસ્ત્રીકરણનો ઉદેશ આપ્યો. ભારતે ૧૯૬૩માં બિનજોડાણવાદ દ્વારા અણુશસ્ત્રોનો ત્યાગ કરેલો જોવા મળે છે. તે વખતે ભારતે **NPT** રચના કરી ભારતની વિદેશનીતિનાં ઉદેશોમાં અણુશસ્ત્રોનું કેમ સમર્થન ન કરવુ તે એક મહત્વનો મુદ્દો રહયો છે. આજે આંતકવાદને રોકવા માટે અણુશસ્ત્રોની જરૂર પડે છે. પરંતુ ભારતમાં જેટલા વડાપ્રધાન સતા પર આવ્યા તેમણે નિઃશસ્ત્રીકરણને પ્રોહત્સાહન આપ્યું છે. સી.ટી.પી.ટી. ના મુદ્દાએ નિઃશસ્ત્રીકરણ માટે મહત્ત્વનો છે. ભારતે સી.ટી.પી.ટી. ઉપર સહી કરી નથી અને તેના કારણે પાકિસ્તાને પણ તેના પર સહી કરી નથી. ભારતે ને ઘણીવાર યુધ્ધની પરિસ્થિતિનો સામનો કરવો પડયો છે. તેથી તે પ્રાચીન સમયથી જ શાંતિપ્રિય રહયું છે.

### *૨.૬ એશિયામાં મહત્વની ભૂમિકા*

જે રીતે યુરોપમાં **U.S.A.** એ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. તેવી રીતે ભારત એ એશિયામાં પોતાની ભૂમિકા ભજવવા માગે છે. એશિયા અને આફ્રિકાના મોટા ભાગના દેશોને આઝાદ કરાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. જો સમગ્ર વિશ્વમાં ભારતે પોતાનું પ્રભુત્વ સ્થાપવું હોયતો સૌ પ્રથમ એશિયા ખંડમાં પોતાનું પ્રભુત્વ સ્થાપવું પડશે. સમગ્ર વિશ્વની શાંતિની સ્થાપના કરવામાં આવી ત્યારે આફ્રિકા અને એશિયાના પ્રતિનિધિ તરીકે ભારતે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આફતે એશિયન જે સબંધો હતા તે ભારતનાં રાજકીય સંબંધો હતા. ૧૯મી સદી પછી આફ્રિકા એશિયન સંબધો આર્થિક વિકાસના રહયા છે. અને **SAARE** ની સ્થાપના કરવામાં આવી. આ સંગઠનમાં ૮ દેશો સભ્ય છે. સાર્કની સ્થાપના એશિયાના ગરીબ દેશોના આર્થિક વિકાસ માટે કરવામાં આવી છે.

### ૨.૭ સંયુકત રાષ્ટ્રસંઘ ની અંદર આસ્થા

બીજા વિશ્વ યુધ્ધના અંત પછી વિશ્વમાં શાંતિ માટે વિશ્વના નેતાઓ મળીને **UNO** ની સ્થાપના કરી આજે ૧૯૪૫ થી લઈને ૨૦૦૮ સુધીના ૬૩ વર્ષમાં સફળ રીતે કામગીરી બજાવે છે. ભારત આઝાદી મેળવી પહેલા પરિસ્થિતી ખૂબ જ વિકટની હતી. છતા ભારતને વિશ્વશાંતિ ને પ્રોત્સાહન આપ્યું ભારતે આજ સુધીમાં કયારેય **UNO** માં વિરોધ કરેલ નથી વિશ્વમાં શાંતિમય વાતાવરણ ઉભું થાય છે. તે માટે ભારતે ખૂબ પ્રયત્નો કર્યા છે. વિશ્વ રાજકારણમાં સંદર્ભમાં ભારત આર્થિક રીતે પછાત છે. **UNO** જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાને મજબૂત બનાવવામાં ભારતે મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

### ૨.૮ બધા દેશ સાથે મૈત્રીપૂર્ણ સંબંધ

ભારતે ૧૯૪૭ થી લઈને આજના સમય સુધી જેટલા વડાપ્રધાન મેળવ્યા છે. તેમને મૈત્રી સંબંધી વાત કરી છે. આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ભારત દેશ કોઈપણ દેશને દુશ્મન બનાવવામાં માંગતું નથી ભારતના વડાપ્રધાન દ્રારા રાજકીય સંબંધની સાથે આર્થિક સંબધો પણ ઉભા કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે. જો કોઈ પણ દેશે આર્થિક વિકાસ કરવો હોયતો તેણે બીજા દેશો સાથે મૈત્રીપૂણ સંબંધ બાંધવા જરૂરી છે. ભારતની વિદેશનીતિ બાબતમાં કહેવાય છે. કે સંબંધ તે બીજા દેશ સાથે વિકસાવે છે. તે માં વિચારસરણી એક હોવી આવશ્યક છે.

### ૨.૯ ભારતીય મૂળ તથા પ્રવાસી

જે વ્યકિતના પરદાદા ભારતમાં રહેતા હોય અને તે બીજા દેશનું નાગરિકત્વ ધરાવે છે. તેને ભારતીય મૂળ કહેવાય છે. ભારતના નાગરીક વિદેશમાં જયાં વસે છે. અને તેની સંસ્કૃતિ સાથે સંકળાય છે. કે નહી તે જોવાનું કામ ભારતની વિદેશનીતિનું છે. કોઈ વ્યકિત વિદેશમાં ભણવા કે નોકરી કરવા ગયો તો તેનું રક્ષણ કરવાનું કામ પણ ભારતની વિદેશનીતિનું છે. **NRI** લોકોનું રક્ષણ કરવાની જવાબદારી ભારતની સરકારની છે. મૂળ ભારતીય અને પ્રવાસીય ભારતીયોના ધ્યેયોનું આપણે રક્ષણ કરવું એ પણ ભારતીય વિદેશનીતિ માટે જરૂરી બાબત છે. વિદેશમાં ભારતીયોની સંખ્યા એક કરોડ જેટલી છે. ૧૯૮૧ ની ગણતરી પ્રમાણે ૧૯૫૧ અનુસાર વિશ્વના ૫૮ દેશની અંદર ભારતીયો વસતા હતા. તે દેશોમાં આફ્રિકા,એશિયા,યુરોપ,અમેરિકા અને ઓસ્ટ્રેલીયા એ મુખ્ય વિસ્તારો હતા. વિદેશમાં વસતા ભારતીયો માટે વિદેશનીતિમાં બે મહત્ત્વની જોગવાઈ કરેલી છે.

૧. કોઈપણ દેશમાં વસતા ભારતીયોને તે દેશનું નાગરિકત્વ મળ્યા બાદ તે દેશોના તમામ હકકો મળવા જોઈએ. પરંતુ ત્યારબાદ ભારત સાથેના કોઈ પણ પ્રકારના રાજકીય સબંધો જોવા મળતા નથી.
૨. કોઈ પણ ભારતીય ગમે તે દેશમાં વસવાટ કરે તેણે તે દેશની વ્યવસ્થા સાથે કોઈપણ પ્રકારના રાજકીય સબંધો જોવા મળતા નથી.
૩. પરંતુ જો તે દેશમાં ભારતના નાગરિકો સુરક્ષામાં ખામી જણાય તો ભારત તેને વખોડી શકે છે. પરંતુ તેની સામે કોઈ પગલા લઈ શકતા નથી.ભારતમાં આવતા પ્રવાસીઓને માટે કોઈપણ જાતનો ભેદભાવ રાખવામાં આવતો નથી તેમને પણ તમામ પ્રકારના હકકો પ્રાપ્ત કરે છે. આર્થિક અને ઔધોગીક ક્ષેત્રે વિકાસ માટે પ્રવાસી ભારતીયો સાથે મૈત્રીપૂણ વર્તન રાખવામાં આવે છે. તે પણ એક કારણ ગણી શકાય છે.

### સંર્દભસૂચિ

૧. ગાંધી, ભોગીલાલ વિશ્વ માનવ અંક ૧૯૨
૨. ફડીયા, બી.એલ. આતરરાષ્ટ્રીય સંબધ કે સિંધ્ધાત
૩. પંડયા, હસમુખ વિશ્વરાજકારણ
૪. શુકલા, જી.બી. ભારતની વિદેશનીતિ (ધો.૧૨)
૫. શાહ, બી.સી. ભારતની વિદેશનીતિ
૬. કુમાર, પવન ભારતીય વિદેશનીતિ